# પોલીસનું ગ્રેડ પે આંદોલન : જિલ્લામાં પોલીસ પરીવારમાં આક્રોશ, આંદોલન સમેટાયું

## સરકારે બે મહિનામાં ઉકેલની ખાતરી આપી

બાયડ(બ્યુરો ઓફિસ) તા.૨૯

ગુજરાત પોલિસનું ગ્રેડ પે આંદોલને માત્ર બે દિવસમાં સમગ્ર રાજ્યમાં હલચલ મચાવી પોલિસ કર્મચારીઓ ફરજ ઉપર રહ્યા અને તેમના પરીવારોએ આંદોલનની બાગડોર સંભાળી અને તેમાં સ્વયંભૂ જન સમર્થન મળતાં સરકાર અને ગૃહ વિભાગ હરકતમાં આવ્યો. ગ્રેડ પે સંદર્ભે કમિટી રચવાની સાથે બે મહિનામાં ઉકેલની ખાતરી મળતાં સાબરકાંઠા-અરવલ્લીમાં હાલ પોલિસનું આંદોલન સમેટાયું છે. જિલ્લાના મોટાભાગના વિસ્તારોમાં જે-તે સંગઠનના યુવાનોએ પોલીસની તરફેણમાં આવી આંદોલનને ઓપ આપ્યો. તેનાથી પણ ગૃહ વિભાગ અંદરખાને ચોક્યો છે અને તે દિશામાં પણ તપાસ શરૂ કરી છે.

પાછલા કેટલાંય વર્ષોથી અનેક લોકોને પોલીસના કડવા અનુભવ થયા છે. ક્યાંક ખાખી વર્દીએ માનવતા દેખાડી છે તો કેટલાંક પોલીસ કર્મીઓએ માનવતા ભૂલ્યાના દ્રશ્યો સોશ્યલ મીડિયામાં પણ જોવા મળ્યા. ગ્રેડ પે મુદ્દે નવી સરકાર આવ્યાના દોઢ મહિના પછી પોલીસનું જે આંદોલન સોશ્યલ મીડિયા પછી ફિજીકલ સ્વરૂપમાં વેગવંતુ બન્યું તેને લઈને કોઈ ભાજપના આગેવાનોનો અંદરખાને દોરી સંચાર હોય તેવી આશંકા પણ વ્યકત થઈ જ્યારે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી સ્થિતિ પામી ગયા અને તાબડતોબ ગ્રેડ પેના પ્રશ્નો ઉકેલ માટે સક્રીય બન્યા છતાં એકપછી એક રાજ્ય સહિત સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશનમાં પોલિસ કર્મચારીઓ, તેમનો પરીવાર અને સમર્થકો બેનરો સાથે આંદોલનને વેગ આપ્યો. તે વિચાર માંગી લે તેવો હતો. તેમ છતાં દિવસ-રાત પરીવારની ચિંતા કર્યા વગર પ્રજાનું રક્ષણ કરતા પોલીસ કર્મીઓને ગ્રેડ પે મુદ્દે અન્યાય ન થવો જોઈએ તેવું આમપ્રજા પણ સમર્થન આપવા લાગી જોકે ગ્રેડ પે આંદોલનમાં ઉશ્કેરણી કરનારાઓ સામે પગલાં ભરવાની સાથે સરકારે કમિટીની રચના કરી છે અને બે મહિનામાં આ અંગેનો નિર્ણય લેવાની ખાતરી મળતાં આંદોલન સમેટાયું હોવા છતાં જિલ્લાના કેટલાંક પોલીસ સ્ટેશનોમાં આંદોલનનો ધમધમાટ જોવા મળ્યો તે જોતાં પોલીસ આંદોલનમાં પણ તડા પડ્યાની બાબત નકારી શકાય તેમ નથી.




### આંદોલનમાં જોડાનાર પોલીસ કર્મચારી સામે પગલાં ભરવાનો નિર્ણય

ગ્રેડ પે મુદ્દે પોલિસનું આંદોલન વધુ ઉગ્ર બન્યું અને સરકારે તાબડતોબ બે મહિનામાં ઉકેલ લાવવાની ખાતરી આપી છે. બ્રિજેશકુમાર ઝાના અધ્યક્ષ સ્થાને ૫ સભ્યોની કમિટી બનાવવામાં આવી છે. જે સરકારને ૬૦ દિવસમાં રિપોર્ટ આપશે પરંતુ આંદોલનમાં જોડાનારા પોલીસ કર્મીઓ સામે ખાતાકીય પગલાં લેવાનો નિર્ણય લેવાયો છે અને આ અંગે ગૃહવિભાગે જાહેરનામું બહાર પાડ્યું છે. પોલીસને ઉશ્કેરનાર સામે પણ પગલાં ભરાશે.

# દિવાળી તહેવારોની છૂટ : સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં કોરોનાના કેસમાં ઉછાળો

## સાબરકાંઠામાં ૧ પોઝિટીવ કેસ નોધાતા આરોગ્ય તંત્ર ઉંધા માથે

બાયડ(બ્યુરો ઓફિસ) તા.૨૯

દિવાળી તહેવારોમાં દેખાતી છૂટના કારણે કોરોના સંક્રમણ ફેલાય તેવી દહેશત વચ્ચે સાબરકાંઠા જિલ્લામાં ૧ મહિના પછી ૧ પોઝિટીવ કેસ નોધાતા આરોગ્ય તંત્ર ઉંધા માથે થઈ ગયું છે. કોરોના જેવા શંકસ્પદ લક્ષણ દેખાતા ૪૦ થી વધુ દર્દીઓ બે જિલ્લામાં હોવાની આશંકા સેવાય છે. જ્યારે ડૉક્ટરોએ પણ આગામી બે મહિના સાવચેતી રાખવામાં આવશે તો કોરોના સંક્રમણ ઉપર મજબૂત કાબૂ મેળવવાની સંભાવના વધુ છે.

દરરોજ બજારો શોપીંગ મોલમાં ઉભરાતી માનવ ભીડથી ફરીથી મે-જૂન જેવા કોરોનાના ભયાનક દ્રશ્યો તો ફરીથી જોવા નહિ મળે ને તેવી દહેશત વહિવટી તંત્ર અને જાગૃત પ્રજામાં જોવા મળી રહી છે. કોરોનાના સરકારી દફતરે એકપણ કેસ નોંધાતા ન હોવાથી તંત્ર મનોમન મલકાતુ હતું પરંતુ વાસ્તવમાં અંદરખાને સ્થિતિ કંઈક અલગ હતી. ખાનગી હોસ્પિટલો અને ખાનગી લેબોરેટરીના બહાર આવતા રિપોર્ટ ડરામણા હતા. પરંતુ નવરાત્રિનું પર્વ હેમખેમ પસાર થયું એટલે ત્યાર પછી દિવાળીના તહેવાર નજીક આવતાં મોટાભાગના લોકોએ માસ્ક પહેરવાનું અને સોશ્યલ ડિસ્ટન્સ જાળવવાનું છોડી દીધું જેનું પરિણામ એ આવ્યું કે એકાદ બે સંક્રમિત લોકોનો સંપર્ક અન્ય લોકોને શંકાસ્પદ કોરોનાથી ચેપગ્રસ્ત કરી ગયો. અગાઉ કોરોનાના કારણે ઑક્સિજન લેવલ ઘટી જવું, રસોઈ બેસ્વાદ લાગવી જે કોરોનાના લક્ષણો હતા પરંતુ કોરોનાનું સ્વરૂપ બદલતાં અન્ય પ્રકારની તકલીફ કોરોના સંક્રમિત હોવાનું જણાઈ આવ્યું છે. જિલ્લાના હિંમતનગર, મોડાસા, ભિલોડા, પ્રાંતિજ વિસ્તારમાં શંકાસ્પદ કોરોનાના કેસમાં ઉછાળો આવી રહ્યા ના સંકેત મળી રહ્યા છે. જે રીતે ખાનગી હોસ્પિટલો દર્દીઓથી ઉભરાવા લાગી છે તેને ભલે મિશ્રઋતુના કારણે વાયરલ બીમારીમાં ખપાવામાં આવે તેમાંથી ૨૦ થી ૨૫ ટકા કેસ કોરોના સંક્રમિત દર્દીઓના હોવાની આશંકા છે. કેટલાંક ખાનગી તબીબોને કોરોના કેસ મળતાં સરકારી આરોગ્ય તંત્રની કનડગત વધતાં આવા કેસ બાબતે અનેક ખાનગી તબીબોએ આરોગ્ય વિભાગને જાણકારી આપવાનું બંધ કરી દીધું છે.

# મોડાસામાં તમાકુ નિયંત્રણ અધિનિયમનો ભંગ કરનાર સામે કડક કાર્યવાહી

મોડાસા તા.૨૯

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમા તા-૨૯/૧૦/૨૦૨૧ના રોજ તમાકુ નિયંત્રણ કલેકટર શ્રી નરેંદ્રકુમાર મીણા, જીલ્લા વિકાસ અધિકારીશ્રી શ્વેતાબેન ટીઓટીઆ તથા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો. ઓફીસરશ્રી ચીરાગભાઈ સોલંકી અને મલેરીયા સુપરવાઈઝર મનોજભાઈ પટેલ સાથે મળી સંયુકત ટીમ બનાવીને તમાકુ



માટે ખાસ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. આ ઝુંબેશ અંતર્ગત આજ રોજ જીલ્લા તમાકુ નિયંત્રણ ટાસ્ક ફોર્સ-સ્કોર્ડ તેમજ પોલીસ વિભાગના સહયોગથી મોડાસા શહેર ખાતે સરપ્રાઈઝ ચેકિંગ-રેડ હાથ ધરવામાં આવી હતી. જે અંતર્ગત કુલ ૦૯ કેસ નોંધી રૂ. ૧૮૦૦/- નો દંડ ફટકારવામાં આવ્યો છે.

આર.જી. શ્રીમાળીના માર્ગદર્શન હેઠળ જીલ્લા તમાકુ નિયંત્રણ ટાસ્ક ફોર્સે ધ્વારા જીલ્લા રોગચાળા નિયત્રણ અધિકારીશ્રી ડો.પી.એસ.ડામોર, ટોબેકો કાઉન્સેલર દેવાંગ સોની,મોડાસા ટાઉન પોલીસથી હેડ કોસ્ટેબલ વિપુલકુમાર પટેલ અને પોલીસ કોસ્ટેબલ કરણસીહ તથા ફેથ ફાઉન્ડેશન વડોદરાથી ફીલ્ડ નિયંત્રણ અધિનિયમ ૨૦૦૩ કાયદાની અમલવારી માટે દંડ ફટકારવામાં આવ્યો હતો. ઉપરાંત જાહેર સ્થળો પર પ્રતિબંધ અને જનજાગૃતિ માટે કામગીરી કરવામાં આવી હતી. જે અંતર્ગત COTPA-2003 ની કલમ 6A અને 6B હેઠળ 9 કેસ નોંધી કુલ રકમ રૂા.1800/- નો દંડ કરવામાં આવ્યો છે.

# ડીસા ઉત્તર પોલીસે રાજસ્થાનની ગુમ મહિલાને શોધી પરિવારને સુપ્રત કરી

ડીસા ઉત્તર પોલીસે રાજસ્થાનથી ગુમ થયેલ મહિલાને ડીસાના જલારામ મન્દિર નજીકથી શોધી કાઢી પરિવારને સુપ્રત કરતા પરિવારમાં આનંદ છવાયો હતો. ડીસા ઉત્તર પી. આઈ.ને માહિતી મળેલ કે કરડા પોલીસ સ્ટેશન જિલ્લો જાલોરથી કમળાબેન બાબુલાલ બિશનોઈ ૪૧ વર્ષીય મહિલા ૨૯/૬/૨૧ના રોજ રાણીવાડાના કોટડા ખાતેના પોતાના ઘરે કોઈને કહ્યા વિના ઘરેથી નીકળી ગઈહતી. તે ગુમ મહિલા ડીસાના જલારામ મન્દિર ખાતે બેઠેલ છે. માહિતી આધારે પી.આઈ. જે. વાય. ચૌહાણ સ્ટાફ સાથે જલારામ મન્દિર ખાતે પહોંચી જોતા ઉપરોક્ત વર્ણનવાળી મહિલા જલારામ મન્દિર ખાતે મળી આવેલ.

# વહેલા પગારનો ઢોલ પીટ્યો પરંતુ અનેક કર્મચારીઓના પગાર થયા નથી

## સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના અનેક પ્રાથમિક શિક્ષકોના પગાર ન થતાં દિપાવલીની ઉજવણી ઘોચમાં : પગાર થાય તો બજારમાં ઘરાકી જામશે, વેપારીઓ પણ કર્મચારીઓના પગારની રાહ જોઈ રહ્યા છે

બાયડ(બ્યુરો ઓફિસ) તા.૨૯

દિપાવલી પર્વ હોવાથી ઑક્ટોબર મહિનાની તા.૨૫-૨૬ના રોજ તમામ સરકારી કર્મચારીઓના પગાર કરવાની રાજ્ય સરકારે જાહેરાત કરી પરંતુ મોટાભાગના પ્રા.શિક્ષકોના પગાર તેમના બેંક ખાતામાં જમા થયા નથી. જિલ્લા પ્રા.શિક્ષણ સમિતિમાં ખાડે ગયેલા વહિવટના કારણે પ્રા.શિક્ષકોને અનિયમિત પગાર સાથે પનારો પડ્યો છે. પગાર ન થતાં વધતી મોંઘવારીમાં પ્રા.શિક્ષકો અને તેના પરીવારોની દિપાવલીની ઉજવણી ઘોંચમાં પડી છે.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની ૨૪૯૦ સરકારી પ્રા.શાળાના ૧૧૫૦૦ પ્રા.શિક્ષકોને ક્યારેય નિયમિત પગાર થતા નથી. અન્ય વિભાગના કર્મચારીઓને ગ્રાન્ટ ફાળવ્યા પછી પ્રા.શિક્ષકોના પગારની ગ્રાન્ટ આપવામાં આવે છે. બાયડ, ધનસુરા સહિતના અનેક તાલુકાઓમાં અગાઉના વર્ષોમાં તા.૧૭ થી ૨૫ ની આસપાસ શિક્ષકોના પગાર થતાં જેથી અનેક પ્રા.શિક્ષકોના લોનના હપ્તા ન ભરાતાં બેન્કોમાં તેમની છબી ખરડાઈ છે છતાં પણ શિક્ષકો માટે કોઈ બોલનારું ન હોય તેવી સ્થિતિ છે. જાણવ્યા મળ્યા મુજબ નવેમ્બર મહિનામાં દિપાવલી મહિનાની શરૂઆત થઈ રહી છે જેથી રાજ્યની સંવેદનશીલ સરકારે તમામ કર્મચારીઓ સારી રીતે દિપાવલી પર્વની ઉજવણી અને ખરીદી કરી શકે તે માટે ઑક્ટોબર મહિનાનો પગાર નવેમ્બરના બદલે ઑક્ટોબરની તા.૨૫-૨૬ના રોજ કરવાનો નાણાં વિભાગને આદેશ પણ આપી દીધો છે પરંતુ જિલ્લાના અનેક તાલુકાઓમાં તા.૨૯ ઑક્ટોબર સવાર સુધી અનેક પ્રા.શિક્ષકોને પગાર મળ્યા નથી. કેટલીક તાલુકા પંચાયતોના શિક્ષણ વિભાગમાં ખાડે ગયેલા વહીવટના કારણે ગ્રાન્ટ આવી હોય છતાં પણ બૅંકમાં ડ્રાફ્ટ જમા કરાવામાં ઈર્ષાળુ અધિકારી-કર્મચારીઓને પગમાં ક્યાં કાંટા વાગે છે તે પ્રાથમિક શિક્ષકોને સમજાતું નથી.

# કિશનનો ઉઘરાણા માટે થઈ રહેલો ઉપયોગ, એ.સી.બી. ત્રાટકે તો ફોલ્ડરીયો ઝડપાય

હિંમતનગર તા.૨૯

મોડાસા બહુમાળી ભવનના ઉઘરાણા ખોર કર્મચારી ધવલએ તાજેતરમાં શણગાલ અને શીણાવાડ પાસે બે વાહનો આંતરી રૂા.૧.૫૦ લાખ ખંખેર્યાની લોકચર્ચાએ બહુમાળી ભવનમાં સનસનાટી મચાવી છે. જો બે વાહનોમાંથી આટલી માતબર રકમ ખંખેરી હોય તો અત્યાર સુધી થોભાવેલા સેકડો વાહનોમાંથી કેટલા રૂપિયા ખંખેર્યા હશે તેનો અંદાજ લગાવવો મુશ્કેલ છે. ચર્ચાતી લોકવાયકા મુજબ ધવલ સરકારી કર્મચારી હોવાથી પોતાની સાથે કિશન નામના ફોલ્ડરીયાને ઉઘરાણા માટે રાખ્યો છે અને ઈશારો કરીને પૈસા લેવાની સૂચના આપવામાં આવે છે. દરરોજ ધવલ અને કિશન વચ્ચે થતી મોબાઈલ વાતચીતના કોલ ડિટેઈલ્સ મેળવવામાં આવે તો બહુમાળી ભવનના સૌથી ભ્રષ્ટ કર્મચારી અને વિભાગની પોલી ખુલી જાય. જ્યારે શીણાવાડ નજીક ઉઘરાણાનો વિડીયો શીફત પૂર્વક ઉતારી લીધો છે જે ગમે તે ઘડીએ ગાંધીનગર , વિભાગ અને એસ.સી.બી.માં પહોંચવાની સંભાવના છે.

**મોડાસા બહુમાળી ભવનના ધવલએ શીણાવાડ-શણગાલ પાસે બે વાહનો આંતરી રૂા.૧.૫૦ લાખ ખંખેર્યા : ગમે તે ઘડીએ ઉઘરાણાનો વિડીયો વિભાગ-એ.સી.બી.માં પહોંચવાની સંભાવના**

અરવલ્લી જિલ્લાના કેટલાંક સરકારી વિભાગોમાં બેફામ ભ્રષ્ટ્રાચાર ચાલી રહ્યો છે અને તેમાંય બહુમાળી ભવનમાં ધવલ નામના કર્મચારીએ ઉંટ છોડે આકરો અને બકરું છોડે કાંકરોની કહેવત અનુસાર નાના-મોટા તમામ એકમોમાં પહોંચી જઈને ઉઘરાણા શરુ કર્યા છે. એકમોની મજબૂરી જાણી લીધા પછી ખંખેરવામાં કોઈ કસર છોડવામાં આવતી નથી. સરકારી વાહન કરતાં ધવલ ખાનગી વાહનનો ભરપૂર ઉપયોગ કરી રહ્યો છે અને તેમાંય મોડાસામાંથી રાત્રે ૯:૩૦ પછી કેટલાંક વાહનોને પસાર કરવા માટે માતબર રકમ દર મહિને લેવામાં આવે છે. મોડાસા પોલીસના નેત્રમની યોગ્ય મદદ લેવામાં આવે તો વિભાગ અને તેના પંકાયેલા કર્મચારીના કરતૂત બહાર આવી જાય. હવે રસપ્રદ વાત એ બહાર આવી છે કે ધવલએ કિશન નામના વ્યક્તિને પોતાની કચેરીમાં ઉચ્ચક પગારે ગોઠવી દીધો છે અને ધવલને પણ ખબર છે કે અઢળક રૂપિયા ખંખેરતો હોવાથી તે ગમે તે ઘડીએ લાંચ લેતાં પકડાઈ જશે તેવી બીક હાવી થઈ જતાં કિશન પાસે જ બધા વહિવટ કરાવી રહ્યો છે. અગાઉ પણ મોડાસામાં ફોલ્ડરીયા ન લાંચ લેતા ઝડપાયા હતા. એ.સી.બી. દ્વારા ધવલની વિગતો ચકાસવામાં આવે તો અપ્રમાણસર મિલકતોનો મોટો ભંડાર મળી શકે છે.

# મોદી સમાજના પ્રમુખ તરીકે વરણી

તાજેતરમાં કોટર્યક મંદિર ખાતે મોડાસા એકડા વિશા



ખડાયતા મોદી પંચની મિટિંગ મળી હતી નવા વર્ષના હોદેદારો ની સર્વાનુમતે વરણી કરતા ડેમાઈ ગામના વતની હાલ અમદાવાદ ખાતે રહેતા પિયુશકુમાર ચીમનલાલ શાહ અને મહિલા ઉત્કર્ષ મંડળના પ્રમુખ તેમના ધર્મ પત્ની પારુલબેન શાહ બન્યા હતા. પીયૂષભાઈ અમદાવાદની વિવિધ સંસ્થાઓમાં કો.ઓ.બેક્માં ડિરેક્ટર તરીકે રબર એસોસિએશનના ગુજરાત ના ઉપપ્રમુખ તરીકે સેવા આપે છે.

# અરવલ્લી ગ્રામ વિકાસ એજન્સીની મનમાની, કમિશનરનો આદેશનું પાલન થતું નથી

## પંચસ્તંભ યોજનાની જવાબદારી હજુય કો. ઓર્ડીનેટરના માથે : જી.વી.સી.ને કામગીરીમાંથી મુક્ત કરવાના આદેશનું ઉલ્લંઘન

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૯

ગ્રામ વિકાસ પ્રભાગ હેઠળની પંચસ્તંભ યોજનાના અસરકારક અમલ માટે કેન્દ્ર સરકાર દ્વારા યોજનાઓના લક્ષ્યાંક પૂર્ણ કરવા જુદી જુદી યોજનાની જગ્યાઓ પૈકી ભરાયેલ જગ્યાઓ ઉપર ફરજ બજાવતા કર્મચારીઓનું એચ.આર.કન્વર્ઝન્સ કરવામાં આવ્યું હતું અને તાજેતરમાં જ ગ્રામ વિકાસ કચેરી-ગાંધીનગરના અધિક કમિશનર દ્વારા પરીપત્ર કરી ગ્રામ્ય કક્ષાએ ફરજ બજાવતા ક્લસ્ટર કો.ઓર્ડીનેટરને જી.વી.સી.ની કામગીરીમાંથી મુક્ત કરવા માટે આદેશ કર્યો હતો પરંતુ સી.એમ.ઓ. અને પી.એમ.ઓ. ઓફીસનું પણ નહીં સાંભળતી અરવલ્લી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની મનમાની સામે આવી છે. કમિશનરના આદેશનું પણ પાલન ન થતાં કર્મચારીઓમાં અંદરખાને ગણગણાટ શરૂ થયો છે.

પ્રાપ્ત જાણકારી મુજબ જિલ્લામાં એન.આર.એલ.એમ. યોજનાના કર્મચારીઓને જી.વી.સી.ની કામગીરીમાંથી મુક્ત કરવા માટે પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ પરીપત્ર જારી કરવામાં આવ્યો છે જેમાં ગ્રામ વિકાસ એજન્સી હસ્તકની પંચસ્તંભ યોજનાઓનું સુચારૂ, યોગ્ય અને અસરકારક અમલીકરણ થાય તે માટે કેન્દ્ર સરકાર દ્વારા નિર્ધારીત લક્ષ્યાંકો સમય મર્યાદામાં પૂર્ણ કરવા માટે જુદી જુદી યોજનાઓમાં જિલ્લા, તાલુકા અને ગ્રામ કક્ષાએ મંજૂર થયેલ જગ્યાઓ પૈકી ભરાયેલ જગ્યાઓ ઉપર ફરજ બજાવતા કર્મચારીઓનું સંદર્ભ-૧ ના ઠરાવથી એચ.આર.કન્વર્ઝન્સ કરવામાં ઠરાવાયું છે. જી.એલ.પી.સી. યોજના હેઠળ ગ્રામ્ય કક્ષાએ ફરજ બજાવતા ક્લસ્ટર કો.ઓર્ડીનેટરને અન્ય યોજનાઓની કામગીરી સોંપવાથી જી.એલ.પી.સી.ની કામગીરી યોગ્ય રીતે કરી શકતા ન હોવાથી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીને પરીપત્ર પાઠવી ચૂસ્તપણે અમલ કરવા માટે જણાવવામાં આવ્યું છે અને મિશન મંગલમ, નરેગા, પ્રધાનમંત્રી આવાસ યોજના અને સ્વચ્છ ભારત મિશન સહિતની યોજના હેઠળ સરકારી વિભાગોની જવાબદારી નક્કી કરી કામ કરનાર કર્મચારીઓને જી.વી.સી.ની કામગીરીમાંથી મુક્ત કરી ફક્ત તેઓને મૂળ યોજનાની કામગીરી સુપ્રત કરવા માટે કહેવાયું હોવા છતાં અરવલ્લી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીમાં ક્યાંય તેનો અમલ થયો નથી જેથી સરકારની પ્રજાહીતની યોજનાઓના અમલમાં વિલંબ થઈ શકે છે.

# અરવલ્લી જીલ્લામાં મતદાર યાદી સુધારણા કાર્યક્રમ ૧ નવેમ્બરથી ૩૦ નવેમ્બર સુધી યોજાશે

મોડાસા તા.૨૯

ભારતના ચુંટણી પંચ દ્વારા મતદારયાદીમાં નામ નોંધણી કરાવવા, નામ કમી કરાવવા તથા મતદારની વિગતમાં સુધારો કરાવા માટે હકક-દાવાઓ અને વાંધા અરજીઓ સ્વીકારવાનો સમયગાળો તા.૦૧ નવેમ્બર ૨૦૨૧ થી તા. ૩૦ નવેમ્બર ૨૦૨૧ નિયત કરવામાં આવેલ છે, તથા સંકલિત મતદારયાદીના મુસદ્દાની પ્રસિધ્ધી તા.૦૧/૧૧/૨૦૨૧ (સોમવાર)ના રોજ કરવામાં આવનાર છે. જે કલેક્ટર કચેરી, મતદાર નોંધણી અધિકારી/ મદદનીશ મતદાર નોંધણી અધિકારીની કચેરી, પ્રાંત અધિકારી/મામલદારની કચેરી, ગ્રામ પંચાયત કચેરી તથા મતદાન મથકે લાગું પડતા ભાગની મતદાર યાદી રાખવામાં આવનાર છે. જયાં મતદાર તેનુ નામ , ફોટો સાથેની વિગતોની રૂબરૂ ચકાસણી કરી શકશે. વધુમાં ચુંટણી પંચની વેબસાઈટ www. nvsp .in, www ceo. guJarajt. Gov.in તથા www. Voterportal. Eci. Gov. in પર પણ મતદાર તેના નામની ચકાસણી કરી શકશે. આ ઉપરાંત ચુંટણી પંચની મોબાઈલ એપ્લીકેશન/ "voter Helpilne " ડાઉલોડ કરી તેમાં મતદાર તેની વિગતની ચકાસણી કરી શકશે.

૦૧ નવેમ્બર ૨૦૨૧ ના રોજથી શરૂ થનાર મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણાના કાર્યકમ અનવ્યે તા. ૧૪ નવેમ્બર ૨૦૨૧, ૨૧ નવેમ્બર ૨૦૨૧, ૨૭ નવેમ્બર ૨૦૧૧ તથા ૨૮ નવેમ્બર ૨૦૨૧ ના દિવસોને ખાસ ઝુંબેશના દિવસો તરીકે નકકી કરવામાં આવેલ છે. યાદીમાં ૦૧/૦૧/૨૦૨૨ના રોજ ૧૮ વર્ષ કે તેથી વધુ ઉમરના નાગરિકનુ નામ નોંધાવવા માટે નમુનો-૬, નમુનો-૭, મતદાર યાદીમાં નોંધાયેલ પોતાનું નામ, અન્ય વિગતો સુધારવા નમુનો-૮ અને એક જ વિધાનસભા મત વિભાગના એક ભાગમાંથી બીજા ભાગમાં નામ તબદલી કરવા માટે નમૂનો-૮કમાં રજુ કરવાનુ રહેશે.

નમુના કલેકટર કચેરી, મતદાર નોંધણી અધિકારી/ મદદનીશ મતદારનોંધણી અધિકારીની કચેરી, પ્રાંત/ મામલદારની કચેરી તેમજ બુથ લેવલ ઓફીસર પાસેથી વિના મૂલ્યે મેળવી શકશે તેમજ આ આ નમૂનો ભરીને જરૂરી પુરાવા સાથે ત્યાં જ આપી શકશે. ઉપરાંત ચુંટણી પંચની વેબ સાઈટ www.nvsp.in, www.ceo. GuJarat. Gov.in તથા www. Voterportal. eci. Gov. in પર ઓનલાઈન અરજી પણ કરી શકશે. ઝુંબેશના દિવસોએ સવારના ૧૦ કલાકથી સાંજે ૫ દરમિયાન મતદાન મથક ખાતે બુથ લેવલ ઓફીસર મારફત આ નમૂના મેળવી શકાશે, ભરેલ અરજીઓ તે જ સ્થળોએ ઉપરોકત દિવસોએ પરત આપી શકાશે. અરવલ્લી જિલ્લાની તમામ જનતાને અપીલ કરવામાં આવે કે મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યકમમાં ભાગ લઈ ૧૦૦% ક્ષતિમુકત બનાવવામાં આપનો અમુલ્ય ફાળો આપશો.

# ડીસાની ગ્રામીણ બેંક નજીકથી બાઈકની ચોરી

ડીસા શહેરમાં વાહન ચોરીની ઘટનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે .છાસવારે થતા વાહન ચોરીના બનાવોને લઈ શહેરીજનોની ઊંઘ પણ હરામ થઈ ચૂકી છે ત્યારે ડીસાની ગ્રામીણ બેંક નજીક પાર્ક કરેલ વધુ એક બાઈકની ચોરી થવા પામી છે.

ડીસાની અનુપમ સોસાયટી ખાતે રહેતા નિર્મલ જસુભાઈ રાઠોડ પોતાની માલિકીનું હીરો હોન્ડા બાઈક (નમ્બર જી જે ૦૮ એએન ૦૭૫૩) બજાર વિસ્તાર આવેલી ગ્રામીણ બેંક નજીક પાર્ક કરી કોઈ સબંધીને ત્યાં ગયેલા અને થોડીવારમાં પરત આવતા બાઈક નજરે ચડ્યું ના હતું તેથી આસપાસમાં પણ તપાસ કરતા બાઈક મળી આવ્યું ન હતું .જેથી બાઈક ચોરી થયાનું માલુમ પડતા આ મામલે તેમણે ડીસા દક્ષિણ પોલીસ મથકે બાઈક ચોરીની ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧